**JG-1601010101062202** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**August – 2019**

## Gujarati : Paper - XXII

*(ગુજરાતી : વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ - ૬) (Core) (New Course)*

*(વૈકલ્પિક)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) **પાંચ** પ્રશ્નો આપેલા છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ **સરખા** છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરો : **૧૪**

**"રહ્યાં વર્ષો તેમાં"**

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌંદર્ય જગનું
ભલા પી લે, વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચીલે સખ્ય અહીંયા.
નથી તારે માટે થઈ જ, નિરમી 'દુષ્ટ' દુનિયા
અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ?
તને ભોળાભાવે કરૂ પલટવા, જાઉ પલટી
અંહગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી !
વિસારી હૂંને જો વરતું, વરતે તુ મધુરવી
મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા
દિશાઓના હાસો, ગિરિવરતણાં શૃંગ ગરવા
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ રમે
જનોત્કર્ષે હાસે પરમ ઋતુલીલા અભિરમે
બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું
મળ્યા વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

- **ઉમાશંકર જોશી**

**અથવા**

**"થોડો વગડાનો શ્વાસ"**

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
પ્હાડોના હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓના નીર,
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર

રોમ મારા ફરકે છે ઘાસમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
સૂરજનો રંગ મારા પાંદડા પીએ ને
પીએ માટીની ગંધ મારા મૂળ
અર્ધુ તે અંગ મારૂં પીળા પતંગિયાં ને
અર્ધું તે તમરાનું કુળ
થોડો અંધારે, થોડો ઉજાશમાં
થોડો ધરતીમાં, થોડો આકાશમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં

**- જયંત પાઠક**

૨ વર્તમાન સમયે મધ્યકાલીન સાહિત્યના સંશોધન સંપાદનમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ લોકકથાનું સંપાદન અને સંશોધન-કાર્ય તેમજ સજ્જતા વિશે ચર્ચા કરો. ૧૪

૩ જોડણી એટલે શું ? વિગતે સમજાવો. ૧૪

**અથવા**

૩ ગુજરાતી ભાષામાં જોડણી ભેદથી થતા ગુજરાતી શબ્દોના અર્થભેદક સાતેક ઉદાહરણ આપી સમજાવો. ૧૪

૪ ગુજરાતી ભાષામાં સર્જનાત્મક લેખન એટલે શું ? સર્જનાત્મક લેખનમાં કઈ બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે ? ૧૪

**અથવા**

૪ તમારી સંસ્થા દ્વારા કૉલેજમાં યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પના અહેવાલનું સર્જનાત્મક લેખન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ બેના જવાબ આપો : ૧૪

(૧) સ્વર સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(૨) વ્યંજન સંધિ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(૩) ''વૃદ્ધાશ્રમની યાદગાર મુલાકાત'' પર સર્જનાત્મક લેખન કરો

(૪) તમે જોયેલા બસ અકસ્માતના દૃશ્યનો પ્રસંગ કે અહેવાલ તૈયાર કરો.

---